સત્યમેવ જયતે

# નિયામક

ક્રમાંક : જીસીઈઆરટી/સીએન્ડઇ/૨૦૧૫-૧૬/ ૩૭૭૦-૪૩૮૭૮
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (079) 23256808-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
ફેક્સ : (079) 23256812
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in
તારીખ - ૪ - ૭ - ૨૦૧૫

**પ્રતિ,**

- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, તમામ

વિષયઃ ધો.૬ થી ૮ ના વિષય શિક્ષણમાં કમ્પ્યુટરના તાસ બાબત

સંદર્ભઃ અત્રેની કચેરીના પત્રક્રમાંકઃ જીસીઇઆરટી/ સીએન્ડઇ/
૧૨૮૧૮-૯૨૩ તા.૧૧-૭-૨૦૧૨

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ધો. ૬ થી ૮ ના શિક્ષકોના વિષયશિક્ષણના કાર્યભાર બાબતનો પરિપત્ર સંદર્ભદર્શિત પત્રથી કરવવામાં આવેલ છે. સદર પત્ર માં સપ્તાહના તાસની ફાળવણી વિષયવાર દર્શાવવામાં આવેલ છે.

સદર પરિપત્ર બાબતે વધુ સ્પટતા કરવાની કે વિદ્યાર્થીઓને કમ્પ્યુટરના ઉપયોગની પૂરતી તક મળે તે માટે ધો.૬ થી ૮ ના ગણિત વિષયના દ્વિતીયસત્રમાં કમ્પ્યુટર શિક્ષણનો સમાવેશ કરવામાં આવેલ છે તે એકમનું શિક્ષણકાર્ય કમ્પ્યુટર લેબમાં જ કરાવવું.

આ ઉપરાંત ધો.૬ થી ૮ ના ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી, હિન્દી, ગણિત, સામાજિક વિજ્ઞાન, વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયનું શિક્ષણકાર્ય કરવા માટે જે તે વિષયના તાસની ફાળવણી સંદર્ભદર્શિત પત્રથી કરવામાં આવેલ છે. વિષય દીઠ ફાળવવવામાં આવેલ સપ્તાહના કુલ તાસ પૈકી એક તાસ કમ્પ્યુટરના માધ્યમથી શિક્ષણકાર્ય કરાવવાનું રહેશે.

ઉપરોક્ત વિગતોની જાણ તમામ પ્રાથમિક શાળાઓને કરવા સારૂ જણાવવામાં આવે છે.

**નિયામક**
જીસીઇઆરટી
ગાંધીનગર

**નકલ સવિનય જાણ સારૂઃ**

- માન. અધિક મુખ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- માન. સ્ટેટ પ્રોજેકટ ડાયરેક્ટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન, સેકટર-૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં.૧૨, જુના સચિવાલય, ગાંધીનગર

सत्यमेव जयते

**નિયામક**
**આર. સી. રાવલ**

ક્રમાંક : જીસીઈઆરટી/સી એન્ડ ઈ/ ૧૨૮૧૮/૯૨૩
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (૦૭૯) ૨૩૨૫૬૮૦૮-૩૯
નિયામક : (૦૭૯) ૨૩૨૫૬૮૦૮
સચિવ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૩
ફેક્સ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૨
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in

તારીખ ૧૦-૦૭-૨૦૧૨
૧૫

પ્રતિ,
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન , તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી- તમામ
- જિલ્લા શિક્ષણાધિકારી- તમામ
- શાસનાધિકારી, નગર શિક્ષણ સમિતિ-તમામ

**વિષય: ધોરણ ૬ થી ૮ ના શિક્ષકોના વિષયશિક્ષણના કાર્યભાર બાબત....**

શિક્ષણનો અધિકાર ૨૦૦૯ કાયદાના અમલીકરણ અંતર્ગત ધોરણ ૬ થી ૮ ઉચ્ચ પ્રાથમિકમાં સમાવિષ્ટ થયેલ છે અને ધોરણ ૬ થી ૮ માટે વિષય શિક્ષકોની જોગવાઇ છે. સદર જોગવાઇ અનુસાર ભાષાઓ (ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, અંગ્રેજી), ગણિત-વિજ્ઞાન , અને સામાજિક વિજ્ઞાનના શિક્ષકોની નિમણૂંક થાય છે. આ સાત વિષયો ઉપરાંત શારીરિક શિક્ષણ-યોગ, કલા શિક્ષણ અને કાર્યાનુભવ વિષય અંતર્ગત પણ શિક્ષણકાર્ય કરાવવાનું હોય છે.

ચાલુ વર્ષે અમલમાં આવેલા નવા અભ્યાસક્રમમાં દરેક વિષયની સમય ફાળવણી પણ કરવામાં આવી છે. આ સમય ફાળવણીને ધ્યાને લઇ ધોરણ ૬ થી ૮ માં દરેક વિષયના સાપ્તાહિક કેટલા તાસ રાખવા જોઇએ એ અંગે જીસીઇઆરટી કક્ષાએ પુખ્ત વિચારણા થયેલ છે. આ વિચારણાને અંતે નીચે મુજબની વ્યવસ્થા નક્કી કરવામાં આવે છે.

- ધોરણ ૬ થી ૮ ના કોઇ એક વર્ગની નમૂનાની તાસ ફાળવણી નીચે મુજબ છે:
  - ગુજરાતી ૭ તાસ
  - હિન્દી ૫ તાસ
  - અંગ્રેજી ૬ તાસ
  - સંસ્કૃત ૨ તાસ
  - ગણિત ૭ તાસ
  - વિજ્ઞાન ૭ તાસ
  - સામાજિક વિજ્ઞાન ૬ તાસ
  - શારીરિક શિક્ષણ, કાર્યાનુભવ, કલા શિક્ષણ ૫ તાસ (પીટી સહિત)
- ઉપરોક્ત તાસ ફાળવણી માર્ગદર્શન માટે આપેલી છે. વિષય શિક્ષકોના કાર્યભાર અને બાળકોની જરૂરિયાત મુજબ શાળાના મુખ્ય શિક્ષક એમાં ફેરફાર કરી શકે છે.

- ઉપરોક્ત તાસ ફાળવણી મુજબ એક વર્ગમાં ગણિત-વિજ્ઞાનના (૭+૭) ૧૪ તાસ થાય. એટલે કે ત્રણ વર્ગો હોય ત્યારે ગણિત-વિજ્ઞાનના શિક્ષકને ૪૨ તાસનો કાર્યભાર આવે.
- એક વર્ગમાં સામાજિક વિજ્ઞાનના ૬ તાસ લેખે ત્રણ વર્ગમાં કુલ ૧૮ તાસનો કાર્યભાર આવે. જ્યારે એક વર્ગમાં ભાષાના કુલ (૭+૫+૬+૨) ૨૦ તાસ થાય તેથી ત્રણ વર્ગમાં ભાષા શિક્ષકનો કાર્યભાર ૬૦ તાસ થાય, જે શક્ય નથી.
- આમ, સામાજિક વિજ્ઞાનના શિક્ષકના ઓછા કાર્યભાર અને ભાષા શિક્ષકના વધુ કાર્યભારને સરભર કરવા માટે સામાજિક વિજ્ઞાનના શિક્ષકે અન્ય વિષય પૈકીના વિષયો પણ ભણાવવાના થાય છે. આ અન્ય વિષયોમાં ભાષાઓ, ગણિત-વિજ્ઞાન, અને શારીરિક શિક્ષણ, કાર્યાનુભવ, કલા શિક્ષણ પૈકી કોઈપણ વિષયનો સમાવેશ થઈ શકે છે. શાળાના મુખ્યશિક્ષકે શાળાની જરૂરિયાત અને સામાજિક વિજ્ઞાનના શિક્ષકની ક્ષમતાના આધારે તેમને અન્ય વિષયો ફાળવવાના રહેશે.

શાળાના મુખ્ય શિક્ષકે ધો. ૬ થી ૮ માં સાપ્તાહિક ૧૫ થી ૨૦ તાસ ફરજીયાત લેવાના રહેશે. મુખ્ય શિક્ષકે પોતાની શૈક્ષણિક લાયકાતને ધ્યાને લઈ વિષય–શિક્ષણ કાર્ય કરવાનું રહેશે.

ઉપરોક્ત વિગતોની જાણકારી તમામ શાળાઓને મળી રહે તે માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીશ્રીએ તેમની કક્ષાએથી જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

(આર. સી. રાવલ)
**નિયામક**
**જી.સી.ઈ.આર.ટી.**
**ગાંધીનગર**

**નકલ સવિનય જાણ સારૂ :**

– માન. અગ્રસચિવશ્રી, શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર
– માન. અગ્રસચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર
– માન. સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, એસ.એસ.એ.એમ., સેકટર–૧૭, ગાંધીનગર
– નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં.૧૨, ગાંધીનગર